**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૪ ટકા

# શહેરીજનો સળંગ રજાઓ આવતા પ્રવાસમાં મુડમાં

## સરકારી કર્મચારીઓ એલટીસી મુકીને એક સપ્તાહની રજા માણવાના મુડમાં

ગાંધીનગર, તા.૧૨

શહેરીજનો આ વીકેન્ડમાં બહારગામ પ્રવાસયાત્રા કરવાના મુડમાં જોવા મળી રહ્યા છે. સળંગ ચાર રજાઓ આવી રહી હોવાથી શહેરીજનો વિવિધ સ્થળો પર ફરવા જવાના પ્લાન ગોઠવી રહ્યા છે. સરકારી કર્મચારીઓ એલટીસી મુકીને ફરવાનો પ્લાન ગોઠવી રહ્યા છે. સિનિયર સિટિઝનો પણ મોટી સંખ્યામાં એક સાથે ભેગા થઈને ધાર્મિક સ્થળો તરફ પ્રયાણ કરવાની તૈયારીઓ કરી ચુકયા છે. કેટલાંક શહેરીજનો અત્યારથી જ રજા લઈને ફરવા નીકળી ગયા છે અને પોતાના મન પસંદ સ્થળો ઉપર રજા માણવાનો મુડ બનાવી લીધો છે. નાના બાળકોને પણ વેકેશનમાં વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત કરાવવાનું આયોજન શહેરીજનો દ્વારા કરવામાં આવી રહ્યું છે.





ટૂર એન્ડ ટ્રાવેલ્સનો બિઝનેસ કરતા વેપારીઓના જણાવ્યા મુજબ શહેરીજનો ગોવા, સીમલા, મનાલી, આબુ, ચારધામયાત્રાની યાત્રા કરવા માટે બુકીંગ કરાવી રહ્યા છે. આ ઉપરાંત દીવ, દમણ, દ્વારક, કચ્છ તરફ પણ પ્રવાસીઓ ફરવા માટે જઈ રહ્યા છે. ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખીને શહેરીજનો આ દિવસોમાં ઠંડા પ્રદેશોમાં ફરવાનું વિચારી રહ્યા છે.

ઘણા સમય બાદ એક સાથે ચાર રજાઓ મળવાથી શહેરીજનોએ આખું વીક રજાનો પ્લાન કરીને પરિવાર સાથે તથા મિત્રો સાથે પ્રવાસની સફર માણવાનું શરૂ કર્યું છે. બીજી તરફ કોરોનાના નવા વેરિયન્ટના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે તેથી વિદેશ પ્રવાસનો પ્લાન કરતા મોટા ભાગના શહેરીજનોએ નજીકના પ્રવાસન સ્થળોમાં ફરવા જવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત ઘણા નાગરિકો ફેમીલી સાથે વતનમાં જઈને ફાર્મ હાઉસમાં શાંતિપૂર્વક રજાઓ માણવા નીકળી ચુકયા છે. ચૈત્રી નવરાત્રિના દિવસો હોવાથી ભકિતભાવમાં લીન થવા માટે ભાવિ ભકતો ધાર્મિક સ્થળો મંદિરોમાં જઈ રહ્યા છે. અંબાજી, પાવાગઢ, સોમનાથ, ડાકોર, ગીરનાર જેવા મંદિરોની મુલાકાતે શહેરીજનોએ જવા માટે બસ બુકીંગ કરાવ્યા છે.

રજાનો માહોલ આવતા પ્રાઈવેટ સાધનો અને ટ્રાવેલ્સના વેપારીઓમાં આનંદ છવાયો છે. મોંઘવારીમાં વેપારી વર્ગમાં આર્થિક નફો થવાની આશા રહેતા ખુશીનો માહોલ છવાયો છે તો બીજી તરફ લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે તેથી વેપારીવર્ગમાં આનંદ જોવા મળી રહ્યો છે.

## દલિત અધિકાર સંઘ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણા ભુમિ ખાતે છાસ વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૨

'ભારતરત્ન' બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની આગામી તા.૧૪મી એપ્રિલના રોજ ૧૩૧મી જન્મ જયંતિ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવનાર છે.

આ 'ભીમ દીપાવલી' નિમિત્તે ગુજરાત સરકારમાં પૂર્વ કેબીનેટ મંત્રી હતા તેવા સ્વ. ફકીરભાઈ વાઘેલા દ્વારા સ્થાપિત 'દલિત અધિકાર સંઘ ગુજરાત' સંસ્થા દ્વારા પ્રેરણાભૂમિ ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિધાનસભા સામેની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવશે તેમજ પ્રેરણા ભૂમિ ખાતે પધારનાર તમામ આમંત્રિતો માટે 'છાસ વિતરણ કેન્દ્ર'ની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની 'ટોય ડોનેશન ડ્રાઈવ'ને બાળકોનો સાથ



ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ટોય ઈનોવેશન દ્વારા રેડીયન્ટ સ્કૂલ, સરગાસણમાં બે દિવસીય મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન બાળકોએ ટોય વાન નિદર્શન, ગમ્મતમાંથી જ્ઞાન અને 'ટોય ડોનેશન ડ્રાઈવ' વગેરેનો લાભ લીધો હતો. યુનિવર્સિટી આયોજિતા આ ટોય ડોનેશન ડ્રાઈવ અંતર્ગત લગભગ ૭૦૦ કરતાં વધારે રમકડાંઓ ડોનેશનમાં એકઠાં કરવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર ચંચીબેન લીલાજી, ઉ.વ. ૫૦, હાલીસા, દહેગામ
- સ્વ. પટેલ રામાભાઈ માધાભાઈ, ઉ.વ. ૬૭, આમલપુર

## ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા પાણીના કુંડા અને ચકલી ઘરનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પંચદેવ મંદીર સેક્ટર-૨૨ ખાતે ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા પક્ષી ઓ માટે પાણીના માટી ના કુંડા તથા વિશ્વ પક્ષી ચકલી બચાવવા માટે સુંદર ચકલી ઘરનું વિતરણ કાર્યક્રમ યોજાયો જેમાં દિપ જ્યોતિ પરમ જ્યોતિ જલાવી કાર્યક્રમ નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ ઈલા રાધેશ્યામ ભાઈ યાદવ દ્વારા ઉપસ્થિત ઈંડિયન લાયન્સ ગાંધીનગરના પદાધિકારીઓ તથા વ્યક્તિઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આશાબેન પંડયા ચેર પર્સન દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવ્યું અને ઉપસ્થિત બહેનોને ઈન્ડિયન લાયન્સમાં જોડાવા માટે જણાવ્યું હતું.

ડૉ. ગુલાબચંદ પટેલ ડિરેક્ટર દ્વારા ચકલી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે લુપ્ત થતી ચકલી ઓ ને બચાવવા માટે આ કુંડા મા પાણી ભરી મુકશો અને આ ચકલી ઘર આપના ઘેર વૃક્ષ પર લટકાવી તેમાં જુવાર ઘઉં કે ચોખા ના દાણા મુકશો. જુવારના દાણા ખવડાવવાથી શુક્ર નો ગ્રહ દોષ સુધરે છે. ઘઉંના દાણા ખવડાવવા થી સૂર્ય રાહુ તેજ બને છે અને ચોખાના દાણા આપવાથી માનસિક શાંતિ અને જીવનમાં ઉન્નતિ થાય છે ઘર ના પૂર્વ ભાગમાં ચકલી ઘર બાંધવાથી પુત્ર પુત્રી ના લગ્ન જલ્દી થાય છે.

આ કાર્યક્રમ માં મહારાજ ભાનુભાઈ શાસ્ત્રી એ આશિર્વાદ વચન આપ્યા હતા. આ કાર્યક્રમમાં રાધેશ્યામભાઈ યાદવ, આશાબેન પંડયા ચેર પર્સન, ડૉ ગુલાબચંદ પટેલ ડિરેક્ટર મહેન્દ્ર સિંહ સોલંકી સેક્રેટરી અને ઉપપ્રમુખ મંગળ સિંહ સોલંકી, મહેન્દ્ર ભાઈ ચૌહાણ, પ્રકાશભાઈ દવે, કુંપલબેન દવે, વિમલાબેન યાદવ સંજીવભાઈ યાદવ, અંકિત કુમાર, લાલભાઈ અને નિમિશ ચૌહાણ દ્વારા કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન સંજીવભાઈ યાદવ દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

## આજે જલિયાંવાલા બાગના શહીદ દિન નિમિત્તે ભજનાંજલિ

ગાંધીનગર, તા.૧૨

શહેરની સંસ્થા 'કલાગુર્જરી ગાંધીનગર' દ્વારા લાંબા સમય બાદ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા જલિયાંવાલા બાગના શહીદ દિન નિમિત્તે તારીખ ૧૩મી એપ્રિલ બુધવારના રોજ રાત્રે આઠ વાગ્યે નિજાનંદ ફાર્મ, પીડીપીયુ ચોકડીની જમણી બાજુ, ભાઈજીપુરામાં ભજનાંજલિનો કાર્યક્રમ રાખેલ છે, જેમાં જાણીતા ભજનિક શ્રી રામસેવકદાસજી ભજનો રજૂ કરશે. આ કાર્યક્રમ માટે સર્વેને આમંત્રણ આપવામાં આવે છે.આ કાર્યક્રમ પહેલાં સાંજે સાત વાગ્યે એજ સ્થળે ફક્ત કલાગુર્જરીના સભ્યો માટે પ્રીતિ ભોજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

## બાળ કલાકાર છવી કલર્સ ગુજરાતીમાં ઝળકી




ગાંધીનગર, તા.૧૨

છવી ઉજ્જવલ વૈશ્યકને કોરોનાની પ્રથમ લહેરમાં ઘણી ચેનલો ઉપર આપણે કોરોના સામે લડવા માટે અપીલ કરતી જોઈ છે. નિસર્ગ સાયન્સ સેન્ટર આયોજીત સ્પર્ધામાં તેની એડ પ્રથમ વિજેતા જાહેર થઈ હતી ત્યારે ફરી એક વખત ટીવી ચેનલ કલર્સ ગુજરાતી પર બાળકો માટે ગુજરાતીમાં કાર્ટૂન સિરિયલ ચાલુ થઈ રહી છે. જેની જાહેરાતમાં છવીએ અભિનય કર્યો છે. છવી નગરના જાણીતા તસવીરકાર નિકુંજ વૈશ્યકની પૌત્રી છે. તેના પિતા પણ ફિલ્મ એડિટર છે. દાદાના પગલે છવી પણ પર્યાવરણમાં રુચિ ધરાવે છે તે એરફોર્સ સ્કૂલમાં સિનિયર કેજીમાં અભ્યાસ કરે છે. સુંદર અભિનય માટે છવીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ગાંધીનગર વણકર સમાજ દ્વારા વણકર ભવન બનાવવાની માંગ

ગાંધીનગર ખાતે વણકર ભવન બનાવવા, રાહતદરે જમીન ફાળવવા અંગેની ગાંધીનગર વણકર સમાજ, ગાંધીનગરની સને ૨૦૦૮થી કરવામાં આવેલ માંગણીના અનુસંધાને, ગુજરાતના વણકર સમાજનું એક મહાસંમેલનનું આયોજન કરવા અંગેની ચર્ચા વિચારણા કરવા, સંસ્થાના ટ્રસ્ટીમંડળ અને સલાહકાર મિત્રોની એક બેઠક ગાંધીનગર ખાતે, ડૉ.બાબાસાહેબના સ્ટેચ્યુ પાસે રાખવામાં આવેલ હતી.

આ બેઠકમાં સર્વાનુમતે લેવાયેલા નિર્ણય મુજબ, આગામી અઠવાડિયાથી બેઠકો શરૂ થાય તે રીતની વ્યવસ્થા ગોઠવવા અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં તથા કલોલ, મહેસાણા, વિસનગર વિગેરે સ્થળોની મુલાકાત લઈ, બેઠકો ગોઠવવાની તૈયારી કરવાની કામગીરી, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ/સલાહકારોના ગૃપોને સોંપવામાં આવી હતી. વિશેષમાં જરૂર જણાયે, જમીન ફાળવવાની માંગણીના સમર્થનમાં કાર્યક્રમો આપવા પણ ઠરાવવામાં આવ્યું હતું. આમ આગામી મહાસંમેલનની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરવાના અભિયાનનો આરંભ થયો હતો તેમ પ્રમુખ હરગોવિંદભાઈ રાઠોડ, મુખ્યસંયોજક પી.જે.પરમાર તથા ઉપપ્રમુખ મૂળજી પરમાર 'દધિ'એ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# પેટ્રોલ બોલ્યું : લીંબુનો એક લીટર રસ કેટલામાં પડે?

## સોશિયલ મિડીયા પર લીંબુ-મરચાંના અનહદ વધેલાં ભાવો ધમાચકડી મચાવી રહ્યાં છે

ગાંધીનગર, તા.૧૨

કોરોના મહામારીના લોકડાઉનમાં વેપાર-ધંધા-રોજગાર અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી વિશ્વભરમાં માંડ જનજીવન થાળે પડી રહ્યું હતું ત્યારે રશિયા અને યુક્રેનના યુધ્ધને કારણે વિશ્વભરમાં મોંઘવારીનો ભીષણ હુમલો થયો છે જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગની હાલત ફરી એકવાર અત્યંત કફોડી બનવા પામી છે. પેટ્રોલ ડીઝલ અને ગેસના ભાવ તો વધ્યા હતા પરંતુ હવે તો લીંબુ મરચા જેવી રોજબરોજની જરૂરિયાતની ચીજોના ભાવ પણ આસમાને પહોંચતા મોંઘવારીએ માઝા મૂકી છે. જોકે કોઈ પણ પરિસ્થિતિ હોય પરંતુ સોશિયલ મીડિયા પર તેને હળવાશથી લઈને મજાક બનાવવાની એક ફેશન ચાલી રહી છે જે અંતર્ગત અત્યારે લીંબુ મરચાના ભાવો પર અઢળક રમૂજી ચબરાકિયાં, જોક્સ અને મીમ્સ ફરતા થયા છે જેને ટીચર્સને ભારે રમૂજ પમાડે રહ્યા છે અત્રે પ્રસ્તુત છે તે પૈકી કેટલાંક પસંદ કરેલા ચબરાકિયાં...

●●●

આજનો પોઝિટિવ વિચાર :
ભારતના ઈતિહાસમાં પહેલી વાર 'સફરજન' 'લીંબુ' કરતા સસ્તું થયું

●●●

રેસીપી લખવાની નવી રીતઃ
મીઠું-મરચું સ્વાદ પ્રમાણે નાખવા..
લીંબુનો રસ ત્રેવડ પ્રમાણે નાખવો..




●●●

દર્દી : ડોક્ટર સાહેબ ઝાડા થઈ ગયા છે
ડોક્ટર : લીંબુ શરબત પીવો
દર્દી : સાહેબ લીંબુના ભાવ સાંભળીને જ ઝાડા થયા છે.

●●●

બેટોઃ પપ્પા, શાક માર્કેટ માં આટલી બધી પોલીસ કેમ છે?
પપ્પા : લીંબુ આવ્યા હશે...!

●●●

ડોક્ટર સાહેબ, બે દવા બહારની વધારે લખી આપજો પણ મહેરબાની કરીને લીંબુનો શરબત પીવાની સલાહ ના આપતાં...

●●●

અમે પાંચ જણ ભજીયા ખાવા ગયા. અઢીસો ગ્રામ ભજીયા લીધાં. જોડે થોડી ચટણી અને મરચાં આપીને ફરસાણ વાળા એ કીધું..

'જોઈએ તો મફતમાં બીજા પાંચ ભજીયા આપીશ પણ મરચાં નહીં મળે'.

●●●

રાતના ૧૧.૩૦ વાગે ચાલતો ઘરે જઈ રહ્યો હતો,
રસ્તો સુમસાન, કૂતરાં પણ બહુ ભસતાં હતા,
બધાના ઘરની લાઈટો પણ બંધ,
મને બહુ બીક લાગી,
પછી મને એક આઈડિયા આવ્યો,
મેં બૂમ પાડી, 'લીંબુ ૧૦ રૂપિયા કિલો'
આજુબાજુના બધા જ ઘરવાળા જાગી ગયા ને બધાં ઘરની લાઈટો ચાલુ થઈ ગઈ, ને હું ફટાફટ ઘરે પહોંચી ગયો.

●●●

ઘરે આવેલાં મહેમાનને ભૂલથી લીંબુ શરબત પૂછાઈ જતા પતિ-પત્ની વચ્ચે કંકાસ.
મહેમાન વરીયાળી ખાઈને રવાના થયાં ...

●●●

પેટ્રોલ કહે : મને વગોવો નહિ ! હું હજુ બહુ સસ્તું છું......
લીંબુનો એક લીટર રસ કાઢી જુવો, ખબર પડશે કે કેટલામાં પડે છે?

●●●

રેમડેસિવિર અને ટોસિલીઝુમેબ માટે ગયા વર્ષે એક ભાઈનો નંબર સેવ કર્યો હતો,
આજે એમનો ફોન આવ્યો કે લીંબુ જોઈતા હોય તો મારી જોડે મળશે.

●●●

છોકરાવાળાઃ- ઘર કરકસરથી ચલાવે એવી વહુ અમારે જોઈએ છે.
છોકરીવાળાઃ- અમારી દિકરી આવી જ છે.
.......... પાડોશીએ બારણાં પર ટાંગેલા લીંબુમાંથી શરબત અને મરચાંમાંથી એ ચટણી બનાવે છે.

●●●

કાકી : સાડી સરસ કલરમાં બતાવો, જેને પહેરીને પૈસાવાળા હોવાની ફિલિંગ થાય.
દુકાનમાલિક : મેડમને લીંબુ કલરમાં સાડીઓ બતાવો....

●●●

બ્રેકિંગ ન્યુઝઃ
ગાંધીનગર ખાતે રવિવારની રજાનો લાભ ઉઠાવી અજાણ્યાં ઈસમો દ્વારા, દસથી બાર દુકાનો બહાર લટકાવેલ લીંબુ-મરચાંની ઊઠાંતરી..
વેપારીઓ દ્વારા ફરિયાદમાં દર્શાવેલી હકીકત મુજબ બધી દૂકાનો પરથી થઈને ૫૦૦ ગ્રામ લીંબુ ગાયબ છે, પેટ પર પાટા બાંધી ને ખરીદેલ લીંબુ-મરચાં કોઈ અજાણ્યાં ઈસમો ચોરી ગયાં..

●●●

આઈપીઓ ભર્યા એના કરતા લીંબુ ભરી લીધા હોત તો સારૂ હતું....

●●●

બેન - ભાઈ એક લીંબુ કેટલા નું ?
શાકભાજીવાળો - ૨૦ રૂપિયા
બેનઃ (વિચારીને) ઉભા રહો હું દાળની તપેલી લઈને આવું છું એમાં ૩ રૂપિયાનું નીચવી આપજો ને ...

●●●

હે દોસ્ત, ન કર દાવો ગરીબ હોવાનો..,
મેં તને જોયો છે..., લીંબુવાળી સોડા પીતા....!

●●●

૨૦૨૦માં પ્રખ્યાત થનારી ચીજો : માસ્ક, સેનેટાઈઝર, થાળી, વેલણ, સોશિયલ ડિસ્ટન્સ, પીપીઈ કીટ...
૨૦૨૧માં પ્રખ્યાત થનારી ચીજો : ઓક્સિજન, વેન્ટિલેટર, મ્યુકરમાઈકોસીસ, રેમડેસિવિર, ટોસિલિઝુમેબ...
૨૦૨૨માં પ્રખ્યાત થનારી ચીજો : યુક્રેન, રશિયા સાથે પેટ્રોલ, ડીઝલ, સીએનજી, લીંબુ, મરચાં...

●●●

છોકરીવાળા છોકરો જોવા ગયાં..
બધી વાતો થઈ પણ મેળ ના પડયો
એવામાં છોકરીને તરસ લાગી તો પાણી પીવા ગઈ,
એણે ફ્રીજ ખોલ્યું કે તરત જ તેણે લગ્નની હા પાડી દીધી કારણ...
ફ્રિજમાં લીંબુ હતા...!!

●●●

સંબંધોમાં...
ખટાશ વધી રહી છે લીંબુ બંધ કરો,
ખાંડ ખાઈને મીઠાશ વધારો

●●●

છબિલાલાલનું સરનામું હોય તો તરત મોકલજો...
લીંબુ ૬૦૦ રૂપિયે કિલો થઈ ગયા છે...
નાનપણથી સાંભળીએ છીએ કે
'લીંબુડા ઝૂલે તારી બાગમાં છબિલાલાલ...!'

●●●

નજર ઉતારવાની ચીજોને જ નજર લાગી ગઈ,
લીલા મરચાં બસ્સો રૂપિયે કિલો, લીંબુ દસનું એક..
અને આ બધું લઈ જેની પર નાંખવા જઈએ તે બાઈક માટેનું પેટ્રોલ એકસોને પાર..

●●●

નવી કહેવત..........
ટકે એક લીંબુ ટકે એક લિમ્કા..!!

●●●

શિક્ષક : તારે ભવિષ્યમાં શું બનવું છે?
વિદ્યાર્થી : સાહેબ મારે એટલાં પૈસાવાળા બનવું છે કે મારા બંગલે લીંબુના રસથી ભરેલો સ્વિમિંગ પુલ હોય ને હું એમાં ધુબાકા મારતો હોઉં...

●●●

રાજુ : મા, રેન્ચોને લીંબુનું અથાણું તો આપ..
મા : બેટા લીંબુ તો અબ ઈત્તિ ઈત્તિ થેલીઓમેં સુનાર કે વહાં બીકેગા... દેખ લેના...

●●●

પડોશીને પુછ્યુ : તમે દરવાજે લીંબુ-મરચા ટીંગાડવાનું કેમ બંધ કરી દીધું ?
પડોશી : અરે, એમ કરવાથી તો સામી નજર વધુ લાગે છે...!!!

## જન્મદિને વધામણી



પંકજ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અને શિવરંજની
મો. ૯૯૨૫૪ ૬૦૪૬૦




જિજ્ઞાસા સુકેતુ મહેતા
મો. ૭૬૦૦૦ ૩૨૪૯૦



સચિનકુમાર
નટવરલાલ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



અજય અંબાલાલ પ્રજાપતિ
મો. ૮૧૪૧૩ ૬૮૪૪૮



મૌલેષ છત્રપતિ
મો. ૯૫૧૨૮ ૬૮૩૧૮



બિહોલા મિતેષસિંહ ભરતસિંહ
મો. ૯૧૭૩૭ ૩૪૫૫૫



મલિન હિરેન પટેલ



પ્રજાપતિ શિવાની
મો. ૬૩૫૬૪ ૧૩૪૯૮



રાણા નિસર્ગ પ્રવિણભાઈ
મો. ૯૪૨૭૯ ૫૨૭૯૦